सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૧૭ | ૧૧ | ૨૦૨૫ |
| દાખલ તારીખ | ૧૭ | ૧૧ | ૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૧૬ | ૦૩ | ૨૦૨૬ |
| અવધિ | દિવસ | માસ | વર્ષ |
| | ૨૯ | ૦૩ | ૦૦ |

## મે.જુનાગઢ ખાતેનાં મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફીસર સમક્ષ, મુ.જુનાગઢ

**રીકવરી ૩૩(સી)(૨) અરજી નં.૮૦/૨૦૨૫**

**આંક–૧૮**

**અરજદારઃ–** ભીખુભાઈ ભગવાનભાઈ ઉર્ફે ભીખાલાલ વાજા
ઉ.વ.આ.૫૪, ધંધો.નોકરી,
રે.વેરાવળ, હે.મોટા કોળીવાડા, ચારીયા શેરી,
જી.ગીર સોમનાથ .

**વિરુદ્ધ**

**સામાવાળાઃ–** ઈન્ડીયન રેયોન ઈન્ડસ્ટ્રીઝ લી.વેરાવળ
થ્રુ.મેનેજરશ્રી, ઈન્ડીયન રેયોન,
મુ.વેરાવળ, હે.જુનાગઢ રોડ, જી.ગીર સોમનાથ.

**બાબતઃ આઈ.ડી. એક્ટની કલમ–૩૩(સી)(૨) હેઠળ અરજી**

**અરજદાર તરફે** – વિ.વ.શ્રી જે.બી.સાવલીયા

**સામાવાળા તરફે** – વિ.વ.શ્રી એચ.ડી.રાઠોડ

**–:: હુકમ ::–**

આ કામના અરજદારની હાલની આંક–૧ ની અરજીની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના અરજદાર સામાવાળા ઈન્ડીયન રેયોન કંપનીમાં હેલ્પર તરીકે તા.૩૧/૦૧/૧૯૯૦ થી દાખલ થઈ નોકરી

કરતા આવેલ ત્યારબાદ અરજદારને તા.૦૧/૧૨/૨૦૦૧ ના છુટા કરતા અત્રેની અદાલત સમક્ષ રેફરન્સ એલ.સી.જે કેસ નં.૨૨૧/૨૦૦૪ થી વિવાદ થયેલ જેમા અરજદારને પુનઃસ્થાપન થવા તા.૦૫/૦૭/૨૦૧૭ ના રોજ એવોર્ડ થયેલ જે એવોર્ડ સામાવાળા દ્વારા ૧૦૫/૨૦૧૮ થી ચેલેન્જ કરેલ જે નામદાર હાઈકોર્ટ દ્વારા તા.૨૦/૦૪/૨૦૨૦ ના હુકમથી રદ્દ કરેલ તેમજ રીટ પીટીશન સામે કંપની દ્વારા એલ.પી.એ.૪૫૯/૨૦૨૩ થી કરેલ જે એલ.પી.એ. રદ્દ કરેલ અને નામદાર હાઈકોર્ટ દ્વારા નોકરી સળંગ ગણાય તેમ અર્થઘટન કરી અને પીટીશન રદ્દ કરેલ હોવાનું જણાવેલ. વધુમાં અરજદાર જણાવે છે કે, તેઓને એવોર્ડ પ્રસિધ્ધ તારીખથી દિવસ ૩૦ માં હાજર લેવાના હોય પરંતુ કંપનીએ તા.૨૧/૧૦/૨૦૨૩ ના આદેશથી પુનઃસ્થાપન કરેલ જેથી એવોર્ડ તારીખથી હાજર લીધેલ સુધીનો પગાર ચુકવવા સામાવાળા જવાબદાર હોવાનું જણાવેલ વધુમાં પુનઃસ્થાપન બેક વેઝીસ વગર કરેલ જે એવોર્ડ નામદાર ગુજરાત હાઈકોર્ટ સુધી કાયમ રહેલ તેમજ કોઈ સ્ટે થયેલ નથી. વધુમાં સળંગ નોકરી બાબતે જણાવે છે કે, એવોર્ડમાં સળંગ નોકરીનો ઈન્કાર કરેલ નથી તેમજ સળંગ નોકરી સાથે લેવાનો આદેશ થયેલ નથી પરંતુ એલ.પી.એ.નં.૪૫૯/૨૦૨૩ માં નામદાર હાઈકોર્ટ દ્વારા છુટા કરવાનું રદ્દ હોય ત્યારે સળંગ નોકરી ગણાય તેમ અર્થઘટન કરેલ. વધુમાં ખરી હકીકતે જણાવે છે કે, પુનઃસ્થાપન કરેલ ત્યારે અરજદારનો માસિક પગાર રૂ.૧૦,૪૪૭.૦૦ પૈ. નિયત કરેલ જ્યારે છુટા કર્યા ત્યારે રોજ પગાર રૂ.૬૦/- હતો. વધુમાં જણાવેલ કે એવોર્ડ પ્રસિધ્ધી ૩૦ દિવસથી નોકરી સળંગ ગણેલ હોય પુરો પગાર મળવા પાત્ર હોય તેમજ સામાવાળા પાસેથી અવારનવાર માંગણી કરેલ તેમ છતા રકમ ચુકવેલ નથી. અરજદાર ખરી હકીકતે જણાવે છે કે, નામદાર હાઈકોર્ટમાં વિવાદ હોય તુરંત અરજી કરી શકેલ નહીં જેથી વિલંબ બાબતે ક્ષમ્ય ગણવા અરજ કરેલ તેમજ સામાવાળાએ અત્રેની અદાલતના હુકમનો ભંગ કરેલ હોય એવોર્ડ મુજબ હાજર ન લે તે સમયગાળાનો પગાર ચુકવવા સામાવાળા જવાબદાર છે તેમજ નામાદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા

૨૦૦૦(૩) જી.એલ.આર.પા.૨૩૩૯ મુજબ જ્યા સુધી એવોર્ડની અમલવારી માલીક ન કરે ત્યા સુધીના પગારની રેમેડી ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ ૩૩(સી)(૨) અન્વયે મળવાપાત્ર છે તેમજ નામદાર હાઈકોર્ટ દ્વારા પણ હાજર ન લીધેલ તેની નોંધ લીધેલ તેવું જણાવેલ છે. વધુમાં અરજદારએ એવોર્ડ પહેલા કે પછી ગેઈનફુલ એમ્પલોયમેન્ટમાં નથી તેમજ હાજર રહેવા પ્રયત્ન કરેલ તેમજ તૈયાર હોવાનું જણાવેલ તેમ જણાવી સબબ અરજી લાવી અરજ કરેલ છે કે, અરજદારને પરિશિષ્ટ મુજબની લેણી રકમ રૂા.૧૪,૫૪,૭૮૨/- તેમજ અરજીનું ખર્ચ તથા લેણી રકમ ઉપર ૧૮% વ્યાજ અપાવવા અરજ કરેલ છે.

**(૨)** આ કામે સામાવાળાને ધોરણસરની નોટીસ બજી જતા તેઓના વકીલશ્રી મારફત હાજર થઈ, આંક-૧૧ થી બચાવનામું રજુ કરેલ જેમાં અરજદારની અરજીની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરતા ખરી હકીકતે જણાવેલ છે કે, અરજદારે તા.૩૧/૦૧/૧૯૯૦ ના મૌખિક રીતે છુટા કરેલ હોવાનું જણાવેલ તેમજ રેફરન્સ કેસ નં.૨૨૧/૨૦૦૪ ના એવોર્ડ તા.૦૫/૦૭/૨૦૧૭ મુજબ અરજદારને તેની મુળ જગ્યાએ પડેલ દિવસોના પગાર વગર પુનઃસ્થાપિત કરવાનો હુકમ હોય જે સામે કંપનીએ નામદાર હાઈકોર્ટમાં કેઈસો દાખલ કરેલ જે તા.૧૦/૦૮/૨૦૨૩ ના રોજ નિકાલ થયેલ ત્યારબાદ કંપની દ્વારા અરજદારને ઓક્ટોબર-૨૦૨૩માં નોકરીમાં પુનઃસ્થાપિત કરેલ. ઉપરોક્ત હુકમ જોતા નામદાર મજુર અદાલત દ્વારા અરજદારને પુનઃસ્થાપિત કરવાનો હુકમ થયેલ જેમાં નોકરીની સળંગતા આપવામાં આવેલ ન હતી. વધુમાં અરજદારે હાલના કેસમાં રૂા.૨૨,૫૨૭/-, રૂા.૨૨,૭૨૩/-, રૂા.૨૨,૫૭૬/-, રૂા.૨૬,૬૮૫/- અને રૂા.૨૭,૪૧૦/- તરીકે જે રકમ માંગણી કરેલ તે ચાલવાપાત્ર નથી કારણ કે, અરજદારના જણાવ્યા મુજબ અરજદારનો સને-૨૦૦૧ ની સ્થિતિએ છેલ્લો પગાર રોજનો રૂા.૬૦/- હતો. વધુમાં જણાવે છે કે, અરજદારની સીધી જ રૂા.૨૭,૪૧૦/- ના આધારે મનઘડત રીતે

હાલની અરજી દાખલ કરેલ જે રદ્દ થવાને પાત્ર હોવાનું જણાવી દસ્તાવેજો રજુ કરેલ.

(૩) આ કામે અરજદાર તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**–અરજદાર તરફે રજુ મૌખિક પુરાવો–**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારનું સરતપાસનું સોગંદનામું | ૧૪ |

**–અરજદાર તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ–**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક/નિ |
|---|---|---|
| ૧ | રે.કે.નં.૨૨૧/૨૦૦૪ ના એવોર્ડની નકલ | ૩/૧ |
| ૨ | ખાસ દિવાની અરજી નં.૧૦૫/૨૦૧૮ માં નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમની નકલ | ૩/૨ |
| ૩ | એલ.પી.એ.નં.૪૫૯/૨૩ માં નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમની નકલ | ૩/૩ |
| ૪ | અરજદારને ફરી કામે રાખેલ હુકમની નકલ | ૩/૪ |
| ૫ | અરજદારના તા.૧૩/૦૩/૨૦૨૩ ના પત્રની નકલ | ૩/૫ |
| ૬ | અરજદારની ફેબ્રુઆરી–૨૪ ની પે–સ્લિપની નકલ | ૩/૬ |
| ૭ | અરજદારનું આધારકાર્ડ | ૩/૭ |

(૪) અરજદાર તરફે **આંક–૧૫** થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે.

(૫) આ કામે સામાવાળા તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ

**–સામાવાળા તરફે રજુ મૌખિક પુરાવો–**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | સામાવાળા તરફે ફરહાજ એહમદ રફીક સૈયેદનું પુરાવાનું સોગંદનામું | ૧૬ |

## –સામાવાળા તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ–

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | રે.કે.નં.૨૨૧/૨૦૦૪ ના એવોર્ડની નકલ | ૧૨/૧ |
| ૨ | ખાસ દિવાની અરજી નં.૧૦૫/૨૦૧૮ માં નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમની નકલ | ૧૨/૨ |
| ૩ | એલ.પી.એ.નં.૪૫૯/૨૩ માં નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમની નકલ | ૧૨/૩ |
| ૪ | અરજદારની ઓક્ટોબર–૦૧ ની પે–સ્લિપની નકલ | ૧૨/૪ |
| ૫ | અરજદારની ડીસેમ્બર–૨૦૦૧ ની પે–સ્લિપની નકલ | ૧૨/૫ |

(૬) સામાવાળા તરફે **આંક–૧૭** થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે.

(૭) અરજદાર તરફે વિ.વ.શ્રી. જે.બી.સાવલીયાએ તથા સામાવાળા તરફે વિ.વ.શ્રી. એચ.ડી.રાઠોડએ મૌખિક દલિલ કરેલ છે જે સાંભળી વંચાણે લીધી જેની જરૂરી ચર્ચા હવે પછી યથાસ્થાને કરવામાં આવશે.

(૯) આ કામે પક્ષકારોના નિવેદનો, રજુ મૌખિત અને દસ્તાવેજી પુરાવાઓ, રજુઆત લક્ષમાં લેતા સદરહુ અરજીના ન્યાયનિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –:: મુદ્દાઓ ::–

(૧) શું અરજદાર આ કામના સામાવાળા પાસેથી અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?

(૨) શું આખરી હુકમ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓનો ન્યાય નિર્ણય નીચે જણાવેલ કારણોસર થાય છે.

**મુદ્દા નં.૧ – અંશતઃ હકારમાં.**

**મુદ્દા નં.૨ – આખરી હુકમ મુજબ**

## –:: કારણો ::–

**(૧૦) મુદ્દા નં.૧**

આ કામના અરજદારો હાલની આ અરજી ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૩૩(સી)(૨) હેઠળ દાખલ કરેલ છે અને અરજીના પેરા–૬ મુજબની રકમ સામાવાળા પાસેથી મેળવવા માંગણી કરેલ છે. સૌપ્રથમ આ ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૩૩(સી)(૨) જોઈએ તો,

**૩૩ સી માલિક પાસે લેણી રકમની વસુલાત**

1. કોઈ પતાવટ અથવા ચુકાદા હેઠળ અથવા પ્રકરણ–૫–ક અથવા પ્રકરણ–૫–ખ ની જોગવાઈઓ હેઠળ કોઈ માલિક પાસે કોઈ કામદારની લેણી રકમ નિકળતી હોય ત્યારે તે કામદાર જાતે અથવા તેણે આ માટે લેખીત રીતે અધિકૃત કરેલી કોઈ બીજી વ્યકિત અથવા તે કામદાર મૃત્યુ પામ્યો હોય તો તેની એસાઈની અથવા તેના વારસો, વસુલાતની બીજી કોઈ પધ્ધતિને બાધ આવ્યા વગર, પોતાની લેણી રકમ વસુલ મેળવવા માટે સમુચિત સમુચિત સરકારને સરકારને અરજી કરી શકશે અને સમુચિત સરકારને ખાતરી થાય કે કોઈ રકમ એ રીતે લેણી છે તો સરકારે તે રકમ માટેનું પ્રમાણપત્ર કલેકટર જોગ કાઢી આપશે અને કલેકટરે તે રકમ જમીન મહેસુલની બાકી હોય તે રીતે વસુલ કરવાની કાર્યવાહી કરવી જોઈશે. પરંતુ એવી દરેક અરજી જે તારીખે કામદારની રકમ માલિક પાસેથી લેણી થાય તે તારીખથી એક વર્ષની અંદર કરવી જોઈશે. વધુમા સમુચિત સરકારને ખાતરી થાય કે, અરજદારને સદરહું મુદતની અંદર અરજી ન કરવા માટે પુરતું કારણ હતું તો એક વર્ષની સદરહું મુદત પુરી થયા પછી એવી અરજી સ્વીકારી શકાશે.
2. કોઈ કામદાર માલિક પાસેથી કોઈ રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય તેવા કોઈ લાભ મેળવવા હકદાર હોય ત્યારે લેણી રકમ અંગે અથવા ગણતરી કરતાં થતી એવા લાભની રકમ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે પ્રશ્નનો નિર્ણય સમુચિત સરકાર

આ માટે નિર્દિષ્ટ કરે તો મજુર કોર્ટે આ અધિનિયમ હેઠળ કરવામાં આવે તો નિયમને આધિન રહીને ત્રણ મહિના કરતા વધુ ન હોય તેટલી મુદ્દતની અંદર કરી શકશે. પરંતુ મજુર કોર્ટના પ્રમુખ અધિકારી તેમ કરવું જરૂરી અને ઈષ્ટ ગણે ત્યારે તે લેખીત કારણોની નોંધ કરીને પોતે યોગ્ય ગણે તેટલી વધુ મુદ્દત સુધી આવી મુદ્દત લંબાવી શકશે.

3. કોઈ લાભનું નાણામાં મુલ્ય નક્કી કરવા મજુર કોર્ટ પોતાને યોગ્ય લાગે તો કમિશ્નર નીમી શકશે, જેમણે જરૂરી હોય એવો પુરાવો લીધા પછી મજુર કોર્ટને રીપોર્ટ સાદર કરવો જોઈશે અને મજુર કોર્ટ કમિશ્નરનો રીપોર્ટ અને કેસના બીજા સંજોગો વિગતોની વિચારણા કર્યા પછી તે રકમ નક્કી કરવી જોઈએ.

4. મજુર કોર્ટે પોતાનો નિર્ણય સમુચિત સરકારને મોકલવો જોઈશે જે મજુર કોર્ટ લેણી ઠરાવેલી રકમ પેટા કલમ–૧માં જોગવાઈ કરેલી રીતે વસુલ કરી શકશે.

5. એક જ માલિક હેઠળ કામે રાખેલા કામદારો તેની પાસે કઈ રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય એવો લાભ મેળવવા હક્કદાર હોય ત્યારે આ માટે કરવામાં આવે તે નિયમોને આધિન રહીને ગમે તેટલા કામદારો વતી અથવા તેમના સંબંધમાં લેણી રકમ મેળવવા માટે એક જ અરજી કરી શકશે.

**(૧૧)** આ કામના અરજદારે હાલની અરજી ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૩૩ સી(૨) હેઠળ દાખલ કરેલ છે. આ કલમમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, કોઈ કામદારની માલિક પાસે કોઈ રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય તેવી કોઈ રકમ મેળવવા હક્કદાર થતા હોય તેનો અર્થ એ થાય કે અરજદાર કોઈ લેણી રકમ મેળવવા પ્રસ્થાપિત હક્ક કે અધિકાર હોવો જોઈએ. જ્યાં સુધી આ રીતે કોઈ પ્રસ્થાપિત હક્ક કે અધિકાર સ્થાપિત સાબિત ન કરે તો તેઓને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩ સી(૨) હેઠળ આવી અરજી કરવાનો હક્ક રહેતો નથી. ઉપરોક્ત કાયદાની પુર્વભુમિકા નજર

સમક્ષ રાખીએ તો આ કામે અરજદારે હાલની અરજી રે.કે.નં.૨૨૧/૨૦૦૪ ના તા.૦૫/૦૭/૨૦૧૭ ના હુકમ અન્વયે દાખલ કરેલ જે કામે જે તે સમયના પ્રમુખ અધિકારીએ નીચે મુજબનો હુકમ કરેલ છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) અરજદારનો રેફરન્સ (ટી) કેસ નં.૨૨૧/૨૦૦૪ આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદારને ડિસેમ્બર-૨૦૦૧માં રોજ મૌખીક હુકમથી નોકરીમાંથી છુટા કરવાનું સામાવાળી સંસ્થા/કંપનીનું પગલું ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે અને આ કામના પ્રથમ પક્ષકાર ઈન્ડીયન રેયોન એન્ડ ઈન્ડ. લી. વેરાવળને હુકમ કરવામાં આવે છે કે, સદરહુ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અરજદાર/કામદાર ભીખાભાઈ ભગવાનભાઈને તેની નોકરીની મુળ જગ્યાએ પડેલ દિવસોના પગાર વગર પુન:સ્થાપિત કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) હાલના રેફરન્સ ખર્ચના રૂા.૧,૦૦૦/- પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

જુનાગઢ
તા.૦૫/૦૭/૨૦૧૭.

**(દિપક હસમુખભાઈ ખંભાતી)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં.૧, જુનાગઢ**
**(જજ કોડ નં.જીજે૦૦૮૬૬)**

(૧૨) આ કામે અરજદાર તરફે રજુ આંક-૧૪ થી સરતપાસના સોગંદનામામાં તેમની અરજીની હકીકતોનુ પુનરાવર્તન કરી જણાવેલ કે અરજદારે ક્યારેજ માંગણી ઉભી રહેશે તેમ જણાવેલ નથી તેમજ તે બાબતે કોઈ અંડરટેકીંગ આપેલ નથી જ્યારે ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, " હુ રેયોન કંપનીમાં રોજમદાર હેલ્પર તરીકે નોકરી કરતો. તે વાત ખરી છે કે, કંપનીએ મને છુટ્ટો કરેલ ત્યારે મારો રોજનો પગાર રૂા.૬૦/- હતો. એ વાત ખરી છે કે તા.૨૧/૧૦/૨૦૨૩ બાદ હાજર થયા બાદ મારો માસિક પગાર રૂા.૭,૨૧૬/- હતો. એ વાત ખરી છે કે, વર્ષ ૨૦૧૭ માં મારો પગાર રૂા.૨૨,૫૨૭/- હતો તે બતાવતો કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, જુન-૨૦૧૮ થી મે-૨૦૧૯ સુધી મારો પગાર રૂા.૨૨,૭૨૩/- હતો તે બતાવતો કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, જુન-૨૦૧૯ થી મે-૨૦૨૦ સુધી મારો પગાર રૂા.૨૨,૫૭૬/- હતો

તે બતાવતો કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, જુન–૨૦૨૦ થી મે–૨૦૨૧ સુધી મારો પગાર રૂા.૨૬,૬૮૫/– હતો તે બતાવતો કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, જુન–૨૦૨૨ થી સપ્ટેમ્બર–૨૦૨૩ સુધી મારો પગાર રૂા.૨૭,૪૧૦/– હતો તે બતાવતો કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી." અરજદાર તરફે અન્ય કોઈ મૌખિક પુરાવો રજુ થયેલ નથી.

(૧૩) સદર મુદ્દા સંબંધે સામાવાળા તરફે આંક–૧૬થી સાક્ષી ફરહાજ એહમદ અબ્દુલ રફીકનું લેખીત સરતપાસનું સોગંદનામું રજુ કરી વિગતવાર જવાબ રજુ કરી જણાવેલ છે કે, તેઓ સામાવાળા સંસ્થામાં કામદાર સંબંધિત વિભાગમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે અને હાલની આ અરજીની તમામ હકીકતોથી જાણકાર અને માહિતગાર છે અને જણાવે છે કે, હાલની આ અરજી આઈ.ડી.એક્ટ–૧૯૪૭ અન્વયે કાયદાકીય જોગવાઈ મુજબ ચાલવાપાત્ર નથી તેમ જણાવી જવાબની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. જ્યારે ઉલટતપાસમાં કબુલ જણાવેલ છે કે," એ વાત ખરી છે કે, હાલના અરજદારને નામ.લેબર કોર્ટે પુનઃસ્થાપન માટે હુકમ કરેલો જે હુકમને એલ.પી.એ. સુધી નામદાર ગુજરાત હાઈકોર્ટે કાયમ રાખ્યો. એ વાત ખરી છે કે, આ હુકમના આધારે અરજદારને તા.૨૧/૧૦/૨૦૨૩ના રોજ ફરી કામ પર હાજર લીધેલા. એ વાત ખરી છે કે, નામ. લેબર કોર્ટના હુકમથી એલ.પી.એ. મા હુકમ થયો ત્યા સુધી કંપની દ્વારા અરજદારને કામ પર આવવા કોઈ લેખિતમાં જાણ કરેલ નથી. એ વાત ખરી છે કે, નામ. લેબર કોર્ટના હુકમને નામ. હાઈકોર્ટ દ્વારા ક્યારેય સ્ટે આપેલ નથી. એ વાત ખરી છે કે, તેઓને છુટા કર્યા ત્યારે તેઓનું રોજ રૂા.૬૦/– હતુ." સામાવાળા તરફે આ સિવાય અન્ય કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી. આમ, ઉપરોક્ત પડેલ પુરાવા પરથી હાલની અરજીનો ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કરવાનો રહે છે. સૌપ્રથમ સામાવાળા તરફે તેમના જવાબમાં માલિક કામદાર સંબંધ બાબતે કોઈ તકરાર લેવામાં આવેલ નથી.

આમ, અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર માલિકના સંબંધો બીનતકરારી છે.

**(૧૨)** હવે અરજદાર તરફે તેઓની ઓગસ્ટ–૨૦૧૭ થી મે–૨૦૧૬ સુધી માસિક પગાર રૂા.૨૨,૫૨૭/–, જુન–૨૦૧૮ થી મે–૨૦૧૯ સુધી માસિક પગાર રૂા.૨૨,૭૨૩/–, જુન–૨૦૧૯ થી મે–૨૦૨૦ સુધી માસિક પગાર રૂા.૨૨,૫૭૬/–, જુન–૨૦૨૦ થી મે–૨૦૨૧ સુધી માસિક પગાર રૂા.૨૬,૬૮૫/–, જુન–૨૦૨૨ થી સપ્ટેમ્બર–૨૦૨૩ સુધી માસિક પગાર રૂા.૨૭,૪૧૦/– મળી કુલ લેણી રકમ રૂા.૧૪,૫૪,૭૮૨/– ની માંગણી કરેલ છે તે સંબંધે જોઈએ તો અરજદારે તેઓની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, તે રકમ કેવી રીતે થાય છે તે બતાવતો પુરાવો આ કામમાં રજુ કરેલ નથી.તે વાત ખરી છે કે, કંપનીએ મને છુટ્ટો કરેલ ત્યારે મારો રોજનો પગાર રૂા.૬૦/– હતો. વધુમાં પગાર ગણતરી સંબંધે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી તેમજ અરજીના સમર્થનમાં રેફરન્સ કેસ નં.૨૨૧/૨૦૦૪ નો એવોર્ડ આંક–૩/૧ થી રજુ કરેલ છે તેમજ અરજદાર તથા સામાવાળાએ નામદાર હાઈકોર્ટમાં કેસો કરેલ જે રદ્દ કરવામાં આવેલ. જ્યારે સામાવાળાએ તેઓની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે, ૨૦૧૭ માં નોકરીમાં લેવાનો ઓર્ડર થયેલ તે નામદાર હાઈકોર્ટ દ્વારા ક્યારેય સ્ટે કરેલ નથી. એ વાત ખરી છે કે, એ વાત ખરી છે કે, નામ. લેબર કોર્ટના હુકમથી એલ.પી.એ. મા હુકમ થયો ત્યા સુધી કંપની દ્વારા અરજદારને કામ પર આવવા કોઈ લેખિતમાં જાણ કરેલ નથી. એ વાત ખરી છે કે, હાલના અરજદારને નામ.લેબર કોર્ટે પુનઃસ્થાપન માટે હુકમ કરેલો જે હુકમને એલ.પી.એ. સુધી નામદાર ગુજરાત હાઈકોર્ટે કાયમ રાખ્યો. એ વાત ખરી છે કે, આ હુકમના આધારે અરજદારને તા.૨૧/૧૦/૨૦૨૩ના રોજ ફરી કામ પર હાજર લીધેલા. વધુમાં અરજદાર તથા સામાવાળાએ નામ.હાઈકોર્ટ સમક્ષ કરેલા કેસો નામ. હાઈકોર્ટ દ્વારા રદ્દ કરેલ અને નીચેની અદાલત લેબર કોર્ટ જુનાગઢે પસાર કરેલ હુકમ કાયમ રાખેલ. હાલના કેસ પર કોઈ સ્ટે કરેલ નથી તેવા સંજોગોમાં સામાવાળાને

એવોર્ડ મુજબ હુકમ કરવામાં આવે તો તે ન્યાયોચિત રહેશે. હવે આવા સંજોગામાં સામાવાળા દ્વારા અત્રેની અદાલત દ્વારા પસાર કરેલ રે.કે.નં.૨૨૧/૨૦૦૪ ના એવોર્ડનો અમલ ન કરતા અરજદાર લેણી રકમ મેળવવા હક્કદાર થતા હોવાનું જણાય આવે છે. હવે અરજદાર કેટલી રકમ મેળવવા હક્કદાર થાય છે? તે અંગે જોઈએ તો અરજદાર દ્વારા ઉપર મુજબ રૂા.૧૪,૫૪,૭૮૨/- રકમ મેળવવા હક્કદાર હોવાનું જણાવેલ જ્યારે તેઓની ઉલટતપાસમાં જણાવેલ કે હાલની અરજીમાં અરજદારે પગારની ગણતરી કાયમી કર્મચારીના પગારની જેમ કરેલ જ્યારે અરજદારને છુટા કર્યા સમયે પગાર રોજનો રૂા.૬૦ હોવાનું જણાવેલ. સામાવાળાએ આંક-૧૨/૪ થી અરજદારની સને-૨૦૦૧ ની પગાર સ્લિપ રજુ કરેલ છે પરંતુ તે સ્પષ્ટ વંચાય તે મુજબની ન હોવાથી અરજદારની અરજીમાં જણાવેલ હકીકત, સોગંદનામું તેમજ ઉલટ તપાસ જોતા તથા સામાવાળાએ તેઓની ઉલટતપાસમાં કબુલ કરેલ જે મુજબ અરજદારનો છુટ્ટા કર્યા સમયે રૂા.૬૦/- હતો તે માનવાને લાયક રહે છે જે મુજબ માસિક પગાર રૂા. ૧,૮૦૦/- તથા દિવસનો પગાર રૂા.૬૦/- હોવાનું માનવાને લાયક છે. હવે, અરજદાર કેટલા સમયગાળા માટે પગાર મેળવવા હક્કદાર થાય છે? અરજદારે તેની અરજી સાથે રજુ પરિશિષ્ટમાં ઓગષ્ટ-૨૦૧૭ થી સપ્ટેમ્બર-૨૦૨૩ સુધીના પગારની રકમની માંગણી કરેલ છે જે એવોર્ડ પ્રસિદ્ધથી ફરી કામે રાખેલ હોવાના સમયગાળા માટેની માંગણી છે તે અંગે જોઈએ તો એવોર્ડ પ્રસિદ્ધ તારીખ તા.૦૫/૦૭/૨૦૧૭ તેમજ અરજદારે આંક-૪/૪ રજુ કરેલ સામાવાળાનો હુકમ મુજબ તેઓનું પુનઃસ્થાપન તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ થયેલ હોવાનું માનવાને પાત્ર છે. આમ અરજદારે અરજીમાં માંગ્યા મુજબ નહીં પરંતુ રેકર્ડ મુજબના સમયગાળા એટલે કે ઓગષ્ટ ૨૦૧૭ થી તા.૨૫/૧૦/૨૦૨૩ સુધી એટલે કે કુલ ૨૪ દિવસ અને ૭૩ મહિના સુધિનો પગાર મેળવવા હક્કદાર હોવાનું માનવાને પાત્ર છે. હવે અરજદારએ ઉપરોક્ત મુજબની ગણતરી કરેલ તે અંગે જોઈએ તો કાયદાની જોગવાઈઓ

મુજબ અરજદારને એવોર્ડ પ્રસિદ્ધ સમયે છેલ્લા પગાર મુજબ રકમ મળવાને પાત્ર છે નહીં કે તેઓના હાલના પગાર મુજબ. જે ધ્યાનમાં રાખી મળવાપાત્ર પગારની રકમની ગણતરી કરતા તેઓનો છેલ્લો માસિક પગાર રૂા.૧,૮૦૦/- તેમજ એવોર્ડ પ્રસિદ્ધ થયેથી ફરી નોકરીમાં લીધાનો સમયગાળો તા.૨૫/૧૦/૨૦૨૩ એમ કુલ ૨૪ દિવસ અને ૭૩ મહિના થાય જે માસિક પગાર રૂા.૧૮૦૦/- તેમજ દૈનિક પગાર રૂા.૬૦/- લેખે ગણતા મળવા પાત્ર રકમ કુલ ૭૩ x ૧૮૦૦ + ૨૪ x ૬૦ = ૧,૩૨,૮૪૦/- થતી હોવાનું જણાય આવે છે આમ અરજદારને માંગ્યા મુજબની નહીં પરંતુ રજુ હકીકતો, પુરાવા મુજબ તેઓના છેલ્લા પગાર રૂા.૧,૮૦૦/- મુજબ ૭૩ મહિના અને ૨૪ દિવસના કુલ રૂા.૧,૩૨,૮૪૦/- મેળવવા હક્કદાર થાય છે.

(૧૩) વધુમા સામાવાળા સંસ્થાની બેદરકારીને કારણે અરજદારને હાલની અરજી દાખલ કરવા પડેલ હોય, સામાવાળાએ અરજદારને હાલની અરજીનું ખર્ચ ચુકવી આપવાનો હુકમ કરવો યોગ્ય અને વ્યાજબી ગણાશે તેમ આ અદાલતનું માનવું છે. હવે જ્યારે અરજદાર ઉપરોક્ત વિગતે લેણી રકમ મેળવવા હક્કદાર બનેલ હોય ત્યારે, તે રકમ તેઓને નિયત સમય મર્યાદામાં મળી જવી જરૂરી છે અને જો તેમ ન થાય તો તેવા હુકમનો કોઈ અર્થ રહે નહીં અને તેવી લેણી રકમનું સમય જતા મુલ્યાંકન ઘટી જવા પામે છે. તે સંજોગોમા આવો પ્રસંગ નિવારવા અરજદારને લેણી રકમ વસુલ થતા સુધી યોગ્ય દરે વ્યાજ આપવાનો હુકમ કરવાથી ન્યાયનો હેતુ જળવાય રહેશે. આ સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના મેનેજર નાઝ સિનેમા **વિ.** વસંતાબેન રમેશભાઈ કુમડીયોનો કેસ કે જે, ૨૦૧૧(III), સી.એલ.આર., પાના નં.૫૦૮, (ગુજરાત),(ડી.બી.) ઉપર રીપોર્ટ થયેલ છે જેમાં નામદાર હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, લેબર કોર્ટે કલમ-૩૩(સી-૧-૨) હેઠળની કાર્યવાહીમાં અરજદારને પગાર મોડો ચુકવેલ તે સંદર્ભે વ્યાજનો હુકમ કરેલ અને તે અંગે નામ.ગુજરાત હાઈકોર્ટે લેબર કોર્ટને વ્યોજનો હુકમ કરવાની સત્તા હોવાનું ઠરાવેલ છે. વધુમાં સ્પે.સી.એ.ને.૩૯૨/૦૩ નો કેસ કે જે

ભાવનગર નાગરીક સહકારી બેંક લી. **વિ.** ભદ્રેશભાઈ રજનીકાંત શાહનો હતો તેમાં નામ.હાઈકોર્ટે તા.૧૪/૦૨/૨૦૧૩ ના રોજ હુકમ પસાર કરેલ અને તેમાં એવું ઠરાવેલ કે, લેબર કોર્ટે રીકવરી પ્રોસીડીંગ્સના કામમાં ૯% વ્યાજનો હુકમ કરેલ તે યોગ્ય અને કાયદેસર છે. તેવી જ રીતે તાજેતરમાં સ્પે.સી.એ.નં.૧૦૯૫૦/૨૦૧૯ વીથ સ્પે.સી.એ.નં. ૧૨૯૫૭/૨૦૧૯ ના કામે પણ નામદાર ગુજરાત હાઈકોર્ટે તા.૧૮/૦૭/૨૦૨૨ ના રોજ કામદાર વ્યાજ મેળવવા હક્કદાર થતો હોવાનુ પ્રસ્થાપિત કરેલ છે. આમ ઉપરોક્ત ચુકાદાઓ વંચાણે લેતા પણ રીકવરી અરજીમાં અરજદારને લેણી રકમ ઉપર વ્યાજનો હુકમ કરી શકાય તેવું પ્રસ્થાપિત કરેલ હોઈ તે સંજોગોમાં અરજદારને જો સામાવાળા લેણી રકમ દિન–૩૦માં ન ચુકવે તો ત્યારબાદ તે રકમ વસુલ થતાં સુધી વાર્ષિક ૭% ના સાદા વ્યાજના દરે લેણી રકમ ચુકવવા જવાબદાર ઠરે છે તેવો હુકમ કરવો ઉચીત અને ન્યાયી જણાય છે. જેથી ઉપરોક્ત ચર્ચાના અંતે **મુદ્દા નં.૧** નો જવાબ '**અંશતઃ હકાર**' માં ઠરાવી, **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) અરજદારની હાલની અરજી આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર રેફરન્સ કેસ નં.૨૨૧/૨૦૦૪ ના કામે થયેલ એવોર્ડ મુજબ ઓગષ્ટ–૨૦૧૭ થી તા.૨૫/૧૦/૨૦૨૩ એમ કુલ ૭૩ મહિના અને ૨૪ દિવસ માસિક રૂા.૧,૮૦૦/– તથા દૈનિક રૂા.૬૦/– લેખે **રૂા.૧,૩૨,૮૪૦/– (શબ્દોમાં રૂપીયા એક લાખ બત્રીસ હજાર આઠસો ચાલીસ પુરા)** મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) આ કામના સામાવાળાએ ઉપર મુજબની રકમ આ હુકમથી દિન–૩૦ માં અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને જો સામાવાળા હુકમ તારીખના ૩૦ દિવસમાં અરજદારને ચુકવવા પાત્ર રકમ ચુકવવામાં કસુર કરે તો અરજદાર ઉપરોક્ત લેણી રકમ વસુલ

થતા સુધી વાર્ષિક ૭% ના સાદા વ્યાજના દરે વ્યાજ સહીતની રકમ વસુલ મેળવવા હક્કદાર બનશે.

(૪) કેસના સંજોગો જોતા અરજદારને સામાવાળાએ ખર્ચના **રૂા.૨,૦૦૦/–** ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૬મી માહેઃ માર્ચ, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જુનાગઢ
તા.૧૬/૦૩/૨૦૨૬

**(જે.એસ.જાદવ)**
પ્રમુખ અધિકારી, મજુર અદાલત,
જુનાગઢ.
(જી.જે.૦૧૪૨૪)

J.S.JADAV(J.D)
Judge,Labour Court,Junagadh